## ઈ-મેઇલ મેસેજ

**પ્રતિ** :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

**જાણ** :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

**પ્રેષક** :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/ ૬૨/૨૦૨૫ તા.૨૪/૦૨/૨૦૨૫

**વિગત :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૭/૦૨/૨૦૨૫ થી તા.૨૩/૦૨/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- પો.સ્ટે.માં ખોવાયેલ બાળકો માટે ઝુબેશ હાથ ધરવામા આવેલ હોય તે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવામાં આવ્યુ હોય**

(૧) ઉધોગનગર પો.સ્ટે. જા.જોગ નં.૪૭/૨૪ તા.૩૦/૧૨/૨૪ ક.૧૭/૩૫ મુજબ રેખાબેન W/O ભાવિનભાઇ જેઠવા ઉ.વ.૪૦ વર્ષ રહે.આવાસ બ્લોક નં.૪૦ તા.જી.પોરબંદર વાળી તા.૧૯/૦૨/૨૦૨૫ ના રોજ પોતે પોતાની મેળે પોતાના દિકરા સાથે પો.સ્ટે. આવી પરત થયેલ છે.

(૨) ઉધોગનગર પો.સ્ટે. જા.જોગ નં.૪૭/૨૪ તા.૩૦/૧૨/૨૪ ક.૧૭/૩૫ મુજબ યુવરાજ D/O ભાવિનભાઇ જેઠવા ઉ.વ.૧૦ વર્ષ રહે.આવાસ બ્લોક નં.૪૦ તા.જી.પોરબંદર વાળો તા.૧૯/૦૨/૨૦૨૫ ના રોજ પોતે પોતાની મેળે પોતાના માતા સાથે પો.સ્ટે. આવી પરત થયેલ છે.

(૩) રાણાવાવ પો.સ્ટે. જા.જોગ નં.૦૪/૨૫ તા.૧૧/૦૨/૨૫ ક.૧૮/૧૫ મુજબ મનિષાબેન W/O નવઘણભાઇ ભુતિયા ઉ.વ.૨૨ વર્ષ રહે.નેરાણા ગામ તા.રાણાવાવ જી.પોરબંદર વાળી તા.૧૯/૦૨/૨૦૨૫ ના રોજ પોતે પોતાની મેળે પોતાના દિકરી સાથે પો.સ્ટે. આવી પરત થયેલ છે.

(૪) રાણાવાવ પો.સ્ટે. જા.જોગ નં.૦૪/૨૫ તા.૧૧/૦૨/૨૫ ક.૧૮/૧૫ મુજબ આરતીબેન D/O નવઘણભાઇ ભુતિયા ઉ.વ.૨ વર્ષ ૬ માસ રહે.નેરાણા ગામ તા.રાણાવાવ જી.પોરબંદર વાળી તા.૧૯/૦૨/૨૦૨૫ ના રોજ પોતે પોતાની મેળે પોતાના માતા સાથે પો.સ્ટે. આવી પરત થયેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનની શી-ટીમના ઇન્ચાર્જ PSI જે.એલ.જાડેજા તથા WHC રમિલાબેન તેજાભાઇ તથા ૧૮૧ હેલ્પલાઇનના કર્મચારીઓ નિરૂપાબેન બાબરીયા તથા WPC કિરણબેન જીગ્નેશભાઇ તથા મહિલા સહાયતા કેન્દ્રના કર્મચારી તેજલબેન રાજાણી વાળાઓએ તા.૧૯/૦૨/૨૦૨૫ ના ક.૧૧/૪૫ વાગ્યે કે.બી.જોષી કન્યા વિદ્યાલય છાંયા પોરબંદરના આશરે ૧૭૦ જેટલી વિદ્યાર્થીનીઓને ગુડ ટચ બેડ ટચ વિશે તથા મહિલા લગત કાયદાઓ વિશે તથા સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ વિશે તથા ૧૮૧ તથા ૧૦૦ હેલ્પલાઇન વિશે તથા નવા કાયદાઓ વિશે તથા ટ્રાફિક લગત માહીતી આપવામા આવેલ હતી.

(૨) તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પો.ઈન્સ.શ્રી વાય.જી. માથુકીયા તથા પી.એસ.આઇ. કે.એમ. સૈયદ દ્વારા બ્રાન્ચ સ્કૂલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુડ ટચ બેડ ટચ વિશે માહિતી આપેલ. તેમજ ડાયલ ૧૦૦ નંબર પોલીસ મદદ માટે અને ૧૮૧ મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અંગે જરૂરી માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૧૭/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કમલાબાગ વિસ્તારમાં આવેલ મોલમાં કામ કરતી મહિલાની મુલાકાત લઇ તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષિત પહોચે તે બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ જે બાબતે લેખીત રીપોર્ટ આપતા નોંધ કરી.

(૨) તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સ્કુલ/કોલેજ/તેમજ વાડી પ્લોટ /ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપેલ.

(૩) તા.૧૯/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા આવેલ અરજદારશ્રી નિતાબેન વા/ઓ અરવિંદભાઇ વાઘેલા, ઉ.વ.૩૨, ધંધો.મજુરી, રહે.ખાપટ, પોરબંદરવાળા મહિલા પો.સ્ટે. આવી રજુઆત કરેલ કે, અમારા પતિ અમારી સાથે ઝગડો કરતા હોય તથા તેને સમજાવવા માટે મદદની જરૂર હોય આ અરજદાર બેનની રજુઆત “વુમન હેલ્પ ડેસ્ક” ના ઇન્ચાર્જ WPC લતાબેન તથા PBSC સેન્ટરના કાઉન્સેલર તેજલબેન તથા ૧૮૧ ટીમના મહિલા પોલીસ કિરણબેન તથા કાઉન્સેલર નીરૂપાબેન ટીમ સાથે રહી અરજદાર બેનને “સાંત્વના ” આપી સદર બેનના પતિને સમજાવવા માટે ૧૮૧ ની મદદ આપી મોકલેલ છે.

(૪) તા.૨૦/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી તથા સ્ટાફ દ્વારા ગોઢાણીયા કોલેજ વિસ્તાર ખાતે બહેનો તથા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમાં હાજરી હોય, જેથી મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. તેમજ મોઢા કોલેજ નજીકના વિસ્તારમાં અવાવરૂ જગ્યાએ પેટ્રોલીંગ કરતા કાઈ ગે.કા. જણાય આવેલ નથી. જે બાબતે રીપોર્ટ આધારે સ્ટે.ડા.માં નોંધ કરી.

(૫) તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી તથા સ્ટાફ દ્વારા જુરીબાગ વિસ્તાર ખાતે બહેનો તથા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમાં હાજરી હોય, જેથી મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. તેમજ કડીયા પ્લોટ વિસ્તારમા સીનીયર સીટીઝનની મુલાકાત લઈ તેમને કોઈ મુશ્કેલી હોય તો પોલીસને જાણ કરી માદદ મેળવી શકે છે. જે બાબતે સ્ટે.ડા.માં નોંધ કરી.

(૬) તા.૨૨/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા છાંયા રોડ પર આવેલ “ સીધ્ધાર્થ હોસ્પીટલ ” ગેર કાયદેસર ભૃણ પરીક્ષણની પ્રવુતી ચાલે છે, કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવૃતી જણાય આવેલ ન હોય તથા છાંયા વિસ્તારમાં કામ કરતી મહીલાની મુલાકાત લઈ તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષીત પહોંચે છે તે બાબતે પુછપરછ કરેલ. જે બાબતે સ્ટે.ડા.માં નોંધ કરી.

(૭) તા.૨૩/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા સુદામાચોક /બંગડી બાજાર /ચોપાટી /શાક્માર્કેટ /ભીડભાડ વાળા વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરી, તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

(૧) કિર્તીમંદીર પો.સ્ટે. મોબાઈલ ગુમ અરજી નં.સી નં.૦૬/૨૦૨૫ અરજદાર મંજુબેન વા/ઓ ભીમાભાઇ ખાવડુનો ઓપ્પો મોબાઇલ કિં.રૂ.૧૦,૦૦૦-/નો ગુમ થયેલ હોય. જેથી તપાસ કિર્તીમંદીર પો.સ્ટે.ના WPC કીરણબેન ભરતભાઈ ઓડેદરા દ્વારા કરતા તપાસ દરમ્યાન ટેકનીકલ સોર્શીશની મદદથી તા.૧૯/૦૨/૨૦૨૫ ના રોજ મોબાઈલ શોધી કાઢેલ અને અરજદાર મંજુબેન વા/ઓ ભીમાભાઇ ખાવડુને પરત સોંપી આપેલ.

(૨) તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પો.સ્ટે. ના પી.એસ.આઇ કે.એમ.સૈયદ તથા 181 સ્ટાફ તથા DHEW સંધ્યાબેન જોશી તથા શ્રી સાઈનાથ ચેરીટેબલ ટ્રસ્ટના નિમિષાબેન જોશી વિગેરેના સંકલનમાં રહીને દીવાદાંડી સલાટ વાળા વિસ્તારમાં જઈને બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત કાર્યક્રમ કરેલ. જેમા બહેનોને મહિલા જાગૃતિ વિશે, સેલ્ફ ડિફેન્સ વિશે માહિતી આપેલ તેમજ તમારા દીકરા દીકરીઓને વધારે ભણાવવા જેથી સોસાયટીમાં પોતાનું સારું સ્થાન મેળવે જેથી તેઓ કોઈના ડર વગર સારી રીતે જીવી શકે તે માટે પણ સલાહ આપી અને મંડેર ગામની શાળામાં બનેલ બનાવ જેમાં વિદ્યાર્થી ઉપર શિક્ષકે કરેલ દુષ્કર્મ વિશેની માહિતી બહેનોને આપી તમો તમારી દીકરીઓ જે 18 વર્ષથી નીચેની વયની છે જે શાળામાં અભ્યાસ કરે છે તેઓને ગુડ ટચ બેડ ટચ બાબતની માહિતી આપવા જાણકારી આપી અને એ વિશે જાગૃત રહેવા માટે સલાહ આપી જેથી દીકરીઓ વધારે જાગૃત બનીને પોતાનો બચાવ કરી શકે અને વધારે સતર્ક રહી શકે તેમજ પોક્સો એકટ કાયદા વિશે જરૂરી માહિતી આપેલ. તેમજ નોકરી કરતી મહિલાઓ ઉપર જાતીય શોષણના બનાવો બને ત્યારે મહિલા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ તેમજ 100 નંબર પોલીસ મદદ મેળવવા માટે તેમજ 1930 નંબર સાયબર ક્રાઇમ વિશે જરૂરી માર્ગદર્શન આપેલ. 181 મહિલા હેલ્પલાઇન વિશે જાણકારી આપેલ.

(૩) તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પી.એસ.આઇ. કે.એમ.સૈયદ દ્વારા બંગડી બજારમાં પેટ્રોલિંગમાં દરમ્યાન બજારમાં ખરીદી કરવા આવેલ મહિલાઓને સુરક્ષા સબંધે 100 નંબર પોલીસ મદદ માટે અને 181 મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ તેમજ ઘરેલુ હિંસા તેમજ મહિલાઓને સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ તેમજ સાસરીયા પક્ષ તરફથી મહિલાને કોઈ હેરાન કરે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા કાયદાકીય માર્ગદર્શન આપેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને મહીલા હેલ્પલાઇન નંબર 1930 અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ પોલીસ પ્રજાનો મિત્ર છે તે વિશે માહિતી આપેલ.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર